# હડપ્પીય સંસ્કૃતિની ધાર્મિક સ્થિતિ.

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી
આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રકરણમાં રજૂઆત

1. પ્રસ્તાવના.
2. માતૃદેવી પૂજા.
3. શિવની પૂજા (પશુપતિનાથની પૂજા)
4. લિંગ અને યોનિની પૂજા.
5. પશુપૂજા.(કાલ્પનિક પશુઓ અને વાસ્તવિક પશુઓ)
6. નાગ પૂજા.
7. વૃક્ષ પૂજા.
8. જળ પૂજા.
9. યોગ.
10. મુર્તિ પૂજા.
11. સૂર્ય પૂજા.
12. અગ્નિ પૂજા.
13. ભૂત-પ્રેત અને અંધ શ્રધ્ધા.
14. અંત્યેષ્ઠી સંસ્કાર.

# પ્રસ્તાવના.

- હડપ્પા સભ્યતાની ધાર્મિક સ્થિતિ કે તેઓના ધર્મ વિશેની કોઈપણ લિખિત કે સાહિત્યિક સામગ્રી આપણી પાસે ઉપલબ્ધ નથી
- તેથી માત્ર પુરાતત્વિય સાધનો કે સ્ત્રોતો પરથી જ હડપ્પા યુગીન ધર્મ વિશે જાણકારી મળે છે
- આ જાણકારી આપણને તેઓના પુરાતત્વિય અવશેષો જેવા કે મૂર્તિઓ, મુદ્રાઓ, વાસણો પર અંકિત ચિત્રો, વિવિધ પ્રકારના ભવનો અને સ્મારકોના અધ્યયન પરથી પ્રાપ્ત થાય છે.

# પ્રસ્તાવના.

- હડપ્પાવાસીઓ અનેક દેવ દેવીઓમાં માનતા હતા. ઉપરાંત તેઓ અનેક પ્રકારના પ્રાકૃતિક તત્વોની પૂજા કરતાં હતા. તેઓના સમાજમાં ધાર્મિક સ્વતંત્રતા હતી. અને સમાજમાં અનેકેશ્વરવાદ પણ પ્રચલિત હતો.
- હડપ્પાવાસીઓ પરમ પુરુષ અને પરમ નારીની શક્તિમાં પણ વિશ્વાસ કરતાં હતા. તેઓ અનેક પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનો પણ કરતાં હતા અને પ્રકારની પૂજાવિધિઓ કરતાં હતા.



આધ્યાત્મિક મુક્તિ તરફ દોરી જતી કેટલીક પાયાની ધ્યાનની તકનીકીઓ

# માતૃદેવી પૂજા.

- હડપ્પાવાસીઓ માતૃદેવીની પૂજા કરતાં હતા. આ પૂજા પ્રથમ કક્ષાની ગણાતી હતી. હડપ્પા માંથી પ્રાપ્ત એક મુદ્રામાં એક સ્ત્રીના ગર્ભમાંથી એક વૃક્ષ નીકળતું દર્શાવવામાં આવ્યું છે. વિદ્વાનો આને પૃથ્વી દેવીની આકૃતિ માને છે.
- હડપ્પાવાસીઓ ધરતીને ફળદ્રુપતાની દેવી માનતા હતા. ઈજીપ્તવાસીઓ પણ આજ રીતે નાઇલ નદીને દેવી “આઇસીસની” માતૃદેવી ટેરિકે પૂજા કરતાં હતા.



# શિવની પૂજા (પશુપતિનાથની પૂજા).

- મોંહે-જો-દડો થી પ્રાપ્ત એક મુદ્રામાં ત્રિમુખી શિવની આકૃતિ અંકિત કરાઇ છે. જે એક સિંહાસન પર યોગ મુદ્રામાં બેઠેલા છે. તેઓની ચારે બાજુ હાથી, વાઘ, ગેંડા તથા પાડા જેવા પશુઓ પણ અંકિત કરાયેલા છે. વિદ્વાનો આને શિવાની સાથે સરખાવે છે.

# લિંગ અને યોનિની પૂજા.

- હડપ્પા, મોંહે-જો-દડો, લોથલ, તથા અન્ય સ્થળેથી મોટી સંખ્યામાં લિંગ અને યોનીના આકારના અવશેષો મળી આવ્યા છે. આના આધારે વિદ્વાનોનો મત છે કે તેઓ લિંગ અને યોનિની પૂજા કરતાં હતા.
- શિવપૂજા શિવલિંગના રૂપે થતી હશે, એવું  પણ વિદ્વાનો માને છે.

# પશુપૂજા.(કાલ્પનિક પશુઓ અને વાસ્તવિક પશુઓ)

- હડપ્પા સભ્યતાના અનેક સ્થળેથી પ્રાપ્ત પુરાતત્વિય અવશેષોમાં મુદ્રાઓ, તામ્રપટ્ટીકાઓ તથા વાસણો ઉપર પણ પશુઓના અનેક ચિત્રો મળી આવ્યા છે.
- આ આકૃતિઓની બહુલતા જોઈને ઘણા ઈતિહાસકારો પશુપૂજાના અસ્તિત્વને પણ સ્વીકારે છે. આ પશુઓને બે પ્રકારમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

1. કાલ્પનિક પશુઓ, એક શૃંગી તથા સુંઢવાળા બળદ જેવા પશુઓનો સમાવેશ થાય છે.
2. વાસ્તવિક પશુઓ, જેમાં ખૂંધવાળો બળદ, પાડો, હાથી, ગેંડો, વાઘ, હરણ, ઘેટાં, તથા ઘાડિયાળ મગરનો સમાવેશ થાય છે.

- આ તમામ પશુની પૂજા થતી હોવાનું મનાય છે.

# નાગ પૂજા.

- હડપ્પા સભ્યતાથી નાગપૂજાના અવશેષો પ્રાપ્ત થયા છે.
- મોહેં-જો-દડો થી પ્રાપ્ત એક મુદ્રામાં એક દેવતાની બંને બાજુએ સાપ બેઠેલા દર્શાવેલા છે. માટીના વાસણો અને મુદ્રા ઉપર સાપની આકૃતિઓ અંકિત કરવામાં આવી છે. આ સિવાય એક તાવીજ ઉપર પણ એક ઓટલા પર સાપને દૂધ પીતો દર્શાવ્યો છે.
- ઇતિહાસકાર અર્નેસ્ટ મૈકે આને નાગપૂજા પ્રચલિત હોવાનું ઉત્તમ ઉદાહરણ માંગે છે.

# વૃક્ષ પૂજા.

- હડપ્પાકાલીન મુદ્રાઓ અને વાસણો પર પીપળો, લીમડો, બાવળ, લીંબુ, તાડ અને કેળાના વૃક્ષોની આકૃતિ જોવા મળે છે.
- સર જ્હોન માર્શલ અનુસાર વૃક્ષ પૂજા બે પ્રકારથી કરવામાં આવતી હતી.

1. જીવંત સ્વરૂપમાં (પીપળાના એક વૃક્ષા માંથી એક પુરુષ નીકળેલો દર્શાવેલો છે. જે જીવંત સ્વરૂપની પૂજા ગણાય છે.)
2. પ્રાકૃતિક સ્વરૂપમાં (એક આકૃતિમાં એક વ્યક્તિને વૃક્ષને પાણી ચડાવીને તેના પ્રાકૃતિક સ્વરૂપમાં પૂજા કરતો દર્શાવ્યો છે.)

# જળ પૂજા.

- હડપ્પાવાસીઓ સ્નાનનું મહત્વ ઘણું વધારે સમજતા હતા. જેથી મોટા મોટા સ્નાનાગારોની વ્યવસ્થા તેઓએ કરી હતી.
- આ સ્નાનાગારો ધાર્મિક સ્નાનના હેતુથી બનાવવામાં આવતા હતા.





મોંહે-જો-દડોમાંનું મહાસ્નાનગૃહ

# યોગ.

- હડપ્પા સભ્યતામાં યોગની પરંપરાનું ધાર્મિક મહત્વ હતું.
- મોહેં-જો-દડોથી પ્રાપ્ત એક મુદ્રામાં એક પુરુષ પદ્માસન યોગની મુદ્રામાં બેઠેલ છે.
- આ ઉપરાંત અનેક મુદ્રામાં યોગની અલગ અલગ મુદ્રાઓ કે આસનો દર્શાવાયા જે સમાજમાં યોગની ધાર્મિકતાને પ્રદર્શિત કરે છે.



# મુર્તિ પૂજા.

- હડપ્પા કાલીન નગરો માંથી ઘણી મોટી સંખ્યામાં મૂર્તિઓ મળી આવી છે. જે મુર્તિ પૂજા અને સગુણ ભક્તિના તત્વોને ઉજાગર કરે છે.
- માટીની ઘણી મોટી સંખ્યામાં મૂર્તિઓ મળી આવી છે. આ મૂર્તિઓમાં ધુમાડાની છાપ દેખાય છે. જે સાબિતી છે કે આ મૂર્તિઓની સામે પૂજાની કોઈ વસ્તુ સળગાવવામાં આવતી હશે. જેથી આવા નિશાન પડ્યા હશે. આમ, અનેક પુરાવાઓ એ વાતને રદિયો આપે છે કે, હડપ્પા વાસીઓ મુર્તિ પૂજા કરતાં હશે.

# સૂર્ય પૂજા.

- હડપ્પા સંસ્કૃતિમાં પ્રાપ્ત ઘણા અવશેષોમાં સ્વસ્તિકના નિશાનો મળી આવ્યા છે. જે હિન્દુઓ, જૈનો તથા બૌધ્દ્ સંપ્રદાયમાં વર્ષોથી પવિત્ર નિશાન તરીકે સ્વીકારાય છે.
- આ સ્વસ્તિકનું ચિન્હ સૂર્યપૂજાને પ્રદર્શિત કરે છે.



# અગ્નિ પૂજા.

- ગુજરાત, રાજસ્થાન, હરિયાણા વગેરે અનેક સ્થળોએ અગ્નિવેદીકાઓ મળી આવી છે.
- કાલિબંગા, લોથલ, તથા બનવાલી માંથી આવા અનેક અગ્નિકુંડો મળી આવ્યા છે. જે અગ્નિ પૂજાના પ્રચલનની સાબિતી આપે છે.
- આ પૂજા ઘણી પવિત્ર ગણાતી હતી.

# ભૂત-પ્રેત અને અંધ શ્રધ્ધા.

- હડપ્પા સંસ્કૃતિના અવશેષોમાં ઘણી મોટી સંખ્યામાં તાવીજો અને માદલિયાઓ મળી આવ્યા છે, જેથી વિદ્વાનો એવું માને છે કે હડપ્પા વાસીઓ ભૂત-પ્રેત તથા અંધશ્રધ્ધામાં વિશ્વાસ કરતાં હતા અને તેનાથી બચવા આ પ્ર્કરના ઉપાયો અપનાવતા હતા.



# અંત્યેષ્ઠી સંસ્કાર.

- હડપ્પા વાસીઓ અંત્યેષ્ઠી સંસ્કાર ત્રણ પ્રકારે કરતાં હતા.
  1. પૂર્ણ સમાધિકરણ. જેમાં મૃતકના શરીરને સંપૂર્ણ દફનાવવામાં આવતું હતું.
  2. આંશિક સમાધિકરણ. જેમાં મૃતકના શરીરને પશુઓના ખોરાક માટે ખુલ્લામાં મૂકી દેવામાં આવતું.
  3. દાહ સંસ્કાર. જેમાં મૃતકના શરીરને અગ્નિદાહ આપીને તેની બચેલી અસ્થિને કળશમાં મૂકીને દાટવામાં આવતી હતી. જેના ઉપર પછીથી પ્રતિકાત્મક સમાધિ બનાવવામાં આવતી હતી.





મહોર